IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# ગાંધીનગર જિલ્લામાં સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે પ્રાથમિક શિક્ષકોના વલણોનો અભ્યાસ

**Bihola Simaben Manuji.**
Ph.D. Scholar
M.com., M.ed., G-slet
**Department of Education**
Gujarat Vidyapith, Ahmedabad.

## 1. **સારાંશ (Abstract)**

પ્રસ્તુત અભ્યાસ સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના શિક્ષકોના વલણો શું છે ? તે જાણવા માટે અભ્યાસક દ્વારા પ્રસ્તુત વિષયની પસંદગી કરવામાં આવી હતી. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંતર્ગત ગુજરાત રાજ્યમાં શિક્ષણ વિભાગ દ્વારા સાંપ્રત સમયમાં પ્રાથમિક શાળાઓમાં "શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન" યોજના દાખલ કરવામાં આવી છે જે માટે આ અભ્યાસ ખૂબજ મહત્વનો પુરવાર થશે. આ ઉપરાંત શિક્ષકોના મનોવલણો જાણી મૂલ્યાંકન પદ્ધતિમાં વધુ ક્રિયાત્મક અને સર્જનાત્મક પ્રવૃતિઓનો ઉમેરો કરી શકાશે તેમજ અન્ય ધોરણમાં આ યોજના દાખલ કરવી યોગ્ય ગણાશે કે નહી તે પણ આ અભ્યાસથી જાણી શકાશે.

પ્રસ્તુત અભ્યાસનો હેતુ ગાંધીનગર જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના શિક્ષકોની "શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન" યોજના વિશેના મનોવલણ જાણવાનો હતો. અભ્યાસકે સમસ્યાનું સમાધાન માટે ઉત્કલ્પનાની રચના કરી હતી. સ્વતંત્રચલ તરીકે ગ્રામ્ય અને શહેરી વિસ્તાર, જાતીમાં સ્ત્રી અને પુરુષ શિક્ષકોની પસંદગી કરી હતી શાળાના પ્રકારમાં અનુદાનિતશાળા અને બિન-અનુદાનિત શાળા પસંદ કરવામાં આવી હતી. વ્યાપવિશ્વ તરીકે ગાંધીનગર જિલ્લાના ધોરણ ૮માં અભ્યાસ કરતા બાળકો તથા પ્રાથમિક શાળાના તમામ શિક્ષકોને પસંદ કરવામાં આવ્યા હતા. નમૂના તરીકે કુલ ૧૨0 શિક્ષકો પસંદ કર્યા હતા. જેમાં ગ્રામ્ય વિસ્તારના ૬૦ શિક્ષકોમાંથી ૩૦ સ્ત્રી શિક્ષકો અને ૩૦ પુરુષ શિક્ષકો પસંદ કરવામાં આવ્યા હતા તેવીજ રીતે અને શહેરી વિસ્તારના ૬૦ શિક્ષકોમાંથી ૩૦ સ્ત્રી શિક્ષકો અને ૩૦ પુરુષ શિક્ષકો પસંદ કરવામાં આવ્યા હતા. અભ્યાસની પદ્ધતિ તરીકે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. માહિતી એકત્રિકરણ માટે ઉપકરણની પસંદગી કરવામાં આવે છે તેથી અભ્યાસકે સ્વ-રચીત વલણ માપદંડની પસંદગી કરવામાં આવી હતી. માહિતીના વિશ્લેષણ માટે વલણ પ્રાપ્તાંકોની સરાસરી, મધ્યક, મધ્યકની પ્રમાણભૂલ, ક્રાંતિક ગુણોત્તર, પ્રમાણિત વિચલન, વિચરણ પૃથક્કરણ, વર્ગોનો સરવાળો, સ્વતંત્ર સંખ્યા તેમજ t અને f મૂલ્યની ગણતરી કરવામાં આવી હતી. જેમાંથી મળેલ પ્રાપ્તાંકોના પરિણામને આધારે તારણ તારવવામાં આવ્યા હતા. જેના તારણોમાં સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોના સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગેના વલણો સમાન જોવા મળ્યા હતા. તેવીજ રીતે શહેરી અને ગ્રામ્ય વિસ્તારની અનુદાનિત અને બિનઅનુદાનિત શાળાઓમાં સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગેના વલણો સમાન જોવા મળ્યા હતા.

## 2. પ્રસ્તાવના (Introduction)

કેળવણી દ્વારા માનવની શારીરિક અને માનસિક શક્તિઓમાં વધારો કરી શકાય છે પણ ખરેખર વધારો થયો કે નહિ તે ચકાસવા માટે મૂલ્યાંકન કરાય છે. જેમ હીરાની ગુણવત્તા પારખવા માટે તેને જૂદી-જૂદી કસોટીઓમાંથી પસાર કરવો પડે છે તેમ વિદ્યાર્થીઓની ગુણવત્તા પરખવા માટે ભિન્ન-ભિન્ન મૂલ્યાંકન કસોટી લેવામાં આવે છે. "આગળ વધવું એટલે પ્રગતિની દિશામાં જવું એટલે કે ક્ષમતાઓનો વિકાસ થવો અને પાછળ વળીને જોવું એટલે, કેટલે પહોચ્યાં તે નક્કી કરવું" માટેજ કહી શકાય કે, "મૂલ્યાંકન એ આગળ વધવા માટે પાછળ વળીને જોવાની પ્રક્રિયા છે"

RTE-૨૦૦૯ અંતર્ગત થયેલ જોગવાઈ તેમજ RTE એકટ-૨૦૦૯ની કલમ-૨૧ના અમલીકરણ બાદ રાજ્યમાં ચાલતું સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન(CCE)ને શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન તરીકે ઓળખવામાં આવ્યું. સતત સર્વગ્રાહી મૂલ્યાંકન પદ્ધતિ સાક્ષરી વિષયોની જ્ઞાન પ્રાપ્તિ સાથે તેમનામાં જીવન કૌશલ્યો, મૂલ્યો અને હકારાત્મક વલણોના વિકાસને પ્રાધાન્ય આપે છે. તેમાં રમત-ગમત, શ્રમદાન, સાંસ્કૃતિક, સાહિત્યક અને સામાજીક વગેરે પ્રવૃતિઓમાં વિદ્યાર્થીઓ ભાગ લેતા થાય તેવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

"સર્વાંગી શિક્ષણ વિના સર્વાંગી મૂલ્યાંકન શક્ય નથી." આ ઉક્તિને સાર્થક કરવા માટે વિદ્યાર્થીનું સર્વાંગી મૂલ્યાંકન કરતાં પહેલા તે માટે વિદ્યાર્થીઓને સક્ષમ બનાવે તે પ્રકારનું શિક્ષણ વર્ગખંડમાં પૂરું પાડવમાં આવે તે ખૂબ મહત્વનું છે. આ પદ્ધતિ વિદ્યાર્થીઓના પરીક્ષાલક્ષી શિક્ષણને બદલે શિક્ષણલક્ષી પરીક્ષા પર ભાર મૂકે છે. શિક્ષણના દરેક પાસાનું મૂલ્યાંકન યોગ્ય રીતે થાય તે ખૂબજ જરૂરી છે. તે માટે સરકારે અમલમાં મુકેલ" શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન" નવવિચાર ખૂબજ મદદરૂપ થઇ શકે તેમ છે.

## 3. અભ્યાસના હેતુઓ (Study of Researches)

**૧.** સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન યોજના અંગે પ્રાથમિક શાળામાં અધ્યાપન કાર્ય કરતા શિક્ષકોના મનોવલણો જાણવા
૨. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે શિક્ષકોના અને બાળકોના વલણો શાળા, વિસ્તાર અને જાતીના સંદર્ભમાં તપાસવા
૩. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે પ્રાથમિક શિક્ષકોના વલણો જાણવા વલણ માપદંડની રચના કરવી.

## 4. અભ્યાસની ઉત્કલ્પના (Hypothesis of Researches)

HO૧ - સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે પ્રાથમિક શિક્ષકો અને બાળકોના વલણોના સરેરાસ પ્રામાંકો પર તેમની જાતી, વિસ્તાર અને શાળાની સાર્થક અસર નહી હોય.

HO૨ - સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે પ્રાથમિક શિક્ષકો અને બાળકોના વલણોના સરેરાસ પ્રામાંકો પર તેમની જાતી, વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાની સાર્થક અસર નહી હોય.

HO૩ - સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે પ્રાથમિક શિક્ષકો અને બાળકોના વલણો પર તેમની જાતી, શાળા અને વિસ્તારની આંતરક્રિયાની સાર્થક અસર નહી હોય.

## 5. અભ્યાસના ચલો (Variable of Researches)

સ્વતંત્ર ચલ- ૧. જાતિ - સ્ત્રી, પુરુષ
૨. વિસ્તાર- શહેરી, ગ્રામ્ય
૩. શાળાનો પ્રકાર- અનુદાનિત, બિન અનુદાનિત
પરતંત્ર ચલ- "સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંતર્ગત શિક્ષકોના વલણોના સરાસરી પ્રાપ્તાંકો"

## 6. અભ્યાસનું વ્યાપવિશ્વ (Population of Researches)

પ્રસ્તુત અભ્યાસમાં દાખલ થયેલ નવી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન યોજના સાથે જોડાયેલ ગાંધીનગર જિલ્લો અને ગાંધીનગર જિલ્લા સાથે જોડાયેલ પ્રાથમિક શાળાના તમામ શિક્ષકો તેમજ ધોરણ ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અભ્યાસના વ્યાપવિશ્વ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

## 7. અભ્યાસનો નૂમનો (Sample of Researches)

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસકે નિદર્શ પસંદ કરવા માટે નિદર્શની કેટલીક પદ્ધતિઓ પૈકીની સ્તરીકૃત યાદચ્છીક નમૂના પસંદગીની પદ્ધતિ દ્વારા શાળાઓની પસંદગી કરવામાં આવી હતી. ત્યારબાદ ટોટલ ૧૨૦ શિક્ષકોની પસંદગી કોમ્પ્યુટર પ્રોગ્રામની મદદથી કરવામાં આવી હતી. જેમાં ગ્રામ્ય વિસ્તારના ૬૦ શિક્ષકોમાંથી ૩૦ સ્ત્રી શિક્ષકો અને ૩૦ પુરુષ

શિક્ષકો પસંદ કરવામાં આવ્યા હતા તેવીજ રીતે અને શહેરી વિસ્તારના ૬૦ શિક્ષકોમાંથી ૩૦ સ્ત્રી શિક્ષકો અને ૩૦ પુરુષ શિક્ષકો પસંદ કરવામાં આવ્યા હતા

**8. અભ્યાસની પદ્ધતિ (Research Method)**

પ્રસ્તુત અભ્યાસ પ્રાથમિક શિક્ષકોની પ્રવર્તમાન સમયની સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે વલણો જાણવા માટે હાથ ધરવાનો હોવાથી પ્રસ્તુત અભ્યાસ માટે સંશોધનની વિવિધ પદ્ધતિઓ પૈકીની સર્વેક્ષણ પદ્ધતિની પસંદગી કરવામાં આવી હતી.

**9. અભ્યાસનું ઉપકરણ (Tool of Researches)**

પ્રસ્તુત અભ્યાસમાં સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન યોજના અંગે શિક્ષકોના વલણો જાણવા માટે વલણ માપદંડની રચના કરવામાં આવી હતી. જેમાં ૩૦ વિધાનોની રચના કરવામાં આવી હતી. જેમાં ૫ વિધાનો નકારાત્મક પ્રકારના હતા અને બાકીના ૨૫ વિધાનો હકારાત્મક પ્રકારના વિધાનો હતા જેનું ગુણાંકન સંપૂર્ણ સંમત, સંમત, તટસ્થ, અસંમત, સંપૂર્ણ અસંમત. રીતે કરવામાં આવ્યું હતું. હકારાત્મક વિધાન માટે ૧ થી ૫ ક્રમ સળંગ આપવામાં આવ્યા હતા જયારે નકારાત્મક વિધાન માટે ૫ થી ૧ એમ ઉલકો ક્રમ આપીને ગુણાંકન કરવામાં આવ્યું હતું.

**10. માહિતી એકત્રિકરણની યોજના (Procedure of Data Collection)**

માહિતી એકત્રિકરણ માટે અભ્યાસકે ગાંધીનગર જિલ્લામાં આવેલી શહેરી અને ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાઓના આચાર્યશ્રીઓને રૂબરૂ મુલાકાત દ્વારા અભ્યાસનો હેતુ જણાવી તેમની પૂર્વમંજુરી લીધા બાદ શિક્ષકોને રૂબરૂ મુલાકાત દ્વારા શિક્ષકો પાસેથી વલણ માપદંડ દ્વારા માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

**11. માહિતીનું વિશ્લેષણ (Method of Data Analysis)**

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસકે ગાંધીનગર જિલ્લાના પ્રાથમિક શાળાના શિક્ષકો તથા ધોરણ ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન યોજના અંગે વલણ પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણિત વિચલન t અને f મૂલ્યની ગણતરી કરેલ હતી જેમાં સાર્થકતાની ચકાસણી માટે 0.૦૧ કક્ષા અને 0.૦૨ કક્ષા નક્કી કરેલ હતી. જેની વિગતે માહિતી નીચે મુજબ છે.

- **સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે પ્રાથમિક શિક્ષકો વલણોના સરેરાસ પ્રાપ્તાંકો પર તેમની જાતિની સાર્થક અસર નહી હોય.**

**ઉપરોક્ત ઉત્કલ્પનાની ચકાસણી માટે અભ્યાસકે મધ્યક, પ્રમાણવિચલન, મધ્યકની પ્રમાણભૂલ તેમજ ક્રાંતિક ગુણોત્તરની ગણતરી નીચે સારણીમાં દર્શાવ્યા મૂજબ કરી છે.**

**પ્રાથમિક શિક્ષકો વલણોના સરેરાસ પ્રાપ્તાંકો પર તેમની જાતિની સાર્થક અસર દર્શાવતી**

**સારણી-1**

| Variable | N | 7 | SD | SED | $SED^2$ | M1-M2 | t | Remarks |
|---|---|---|---|---|---|---|---|---|
| સ્ત્રી શિક્ષકો | ૬૦ | 167.71 | 15.52 | 3.096 | 9.59 | 0.79 | 0.255 | N.S |
| પુરુષ શિક્ષકો | ૬૦ | 168.5 | 18.29 | | | | | |

ઉપરોક્ત સારણી પરથી સ્વાતંત્ર સંખ્યા=118 આગળ t ની 0.05 અને 0.01 કક્ષાએ સારણી મૂલ્ય અનુક્રમે 1.96 અને 2.58 છે. જયારે t નું ગણતરી વડે મેળવેલ મૂલ્ય 0.25 છે. તેથી અહી ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે.

- **સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે પ્રાથમિક શિક્ષકો વલણોના સરેરાસ પ્રાપ્તાંકો પર તેમની વિસ્તારની સાર્થક અસર નહી હોય.**

ઉપરોક્ત ઉત્કલ્પનાની ચકાસણી માટે અભ્યાસકે મધ્યક, પ્રમાણવિચલન, મધ્યકની પ્રમાણભૂલ તેમજ ક્રાંતિક ગુણોત્તરની ગણતરી નીચે સારણીમાં દર્શાવ્યા મૂજબ કરી છે.

**પ્રાથમિક શિક્ષકો વલણોના સરેરાસ પ્રાપ્તાંકો પર તેમના વિસ્તારની સાર્થક અસર દર્શાવતી સારણી-2**

| Variable | N | x | SD | SED | $SED^2$ | M1-M2 | t | Remarks |
|---|---|---|---|---|---|---|---|---|
| શહેરી વિસ્તાર | ૬૦ | 167.58 | 16.17 | ૩.0960 | 9.5852 | 1.0.5 | 0.૩391 | N.S |
| ગ્રામ્ય વિસ્તાર | ૬૦ | 168.63 | 17.71 | | | | | |

ઉપરોક્ત સારણી પરથી સ્વાતંત્ર સંખ્યા=118 આગળ t ની 0.05 અને 0.01 કક્ષાએ સારણી મૂલ્ય અનુક્રમે 1.96 અને 2.58 છે. t નું ગણતરી વડે મેળવેલ મૂલ્ય 0.૩૩ છે. જેના t ટેબલ મૂલ્યો કરતા ગણી ઓછી છે તેથી બે સરાસરી વચ્ચે તફાવત સાર્થક નથી તેથી અહી ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે.

- **સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે પ્રાથમિક શિક્ષકો વલણોના સરેરાસ પ્રાપ્તાંકો પર શાળાના પ્રકારની સાર્થક અસર નહી હોય.**

ઉપરોક્ત ઉત્કલ્પનાની ચકાસણી માટે અભ્યાસકે મધ્યક, પ્રમાણવિચલન, મધ્યકની પ્રમાણભૂલ તેમજ ક્રાંતિક ગુણોત્તરની ગણતરી નીચે સારણીમાં દર્શાવ્યા મૂજબ કરી છે.

**પ્રાથમિક શિક્ષકો વલણોના સરેરાસ પ્રાપ્તાંકો પર તેમના શાળાના પ્રકારની સાર્થક અસર દર્શાવતી સારણી-3**

| Variable | N | x | SD | SED | $SED^2$ | M1-M2 | t | Remarks |
|---|---|---|---|---|---|---|---|---|
| અનુદાનિત શાળા | ૬૦ | 165.98 | 19.94 | ૩.0723 | 9.439 | 4.25 | 1.૩8૩૩ | N.S |
| બિન-અનુદાનિત શાળા | ૬૦ | 170.23 | 12.99 | | | | | |

ઉપરોક્ત સારણી પરથી સ્વાતંત્ર સંખ્યા=118 આગળ t ની 0.05 અને 0.01 કક્ષાએ સારણી મૂલ્ય અનુક્રમે 1.96 અને 2.58 છે. t નું ગણતરી વડે મેળવેલ મૂલ્ય 1.38 છે. જેના t ટેબલ મૂલ્યો કરતા ગણી ઓછી છે તેથી બે સરાસરી વચ્ચે તફાવત સાર્થક નથી તેથી અહી ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે.

- **સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે પ્રાથમિક શિક્ષકો વલણોના સરેરાસ પ્રાપ્તાંકો પર જાતિ અને વિસ્તાર પર આંતરક્રિયાની સાર્થક અસર નહી હોય.**

ઉપરોક્ત ઉત્કલ્પનાની ચકાસણી માટે અભ્યાસકે વર્ગોનો સરવાળો, સ્વતંત્ર સંખ્યા, પ્રમાણવિચલન, મધ્યકની પ્રમાણભૂલ તેમજ વિચરણ પૃથક્કરણની ગણતરી નીચે સારણીમાં દર્શાવ્યા મૂજબ કરી છે.

**સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે પ્રાથમિક શિક્ષકો વલણોના સરેરાસ પ્રાપ્તાંકો પર જાતિ અને વિસ્તારની આંતરક્રિયાની સાર્થક અસર દર્શાવતી Anova સારણી-4**

**સારણી-4**

| | Sum of Squares | DF | Mean Of Squares | F |
|---|---|---|---|---|
| SSbet | 51.48 | 3 | 17.16 | 0.059632729 |
| SSwg | 67911.7 | 236 | 287.761441 | |
| SSr | 67963.11 | 239 | | |

Significance Level- 3.96(0.05)
6.99(0.01)
0.06 not significance

ઉપરોક્ત સારણી પરથી F ની ગણતરી વડે મેળવેલ કિંમત 0.059 છે. જે 0.05 અને 0.01 કક્ષાએ સારણીય મૂલ્ય કરતા ઓછી હોવાથી અહી ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે.

- **સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે પ્રાથમિક શિક્ષકો વલણોના સરેરાસ પ્રાપ્તાંકો પર જાતિ અને શાળાના પ્રકાર પર આંતરક્રિયાની સાર્થક અસર નહી હોય.**

ઉપરોક્ત ઉત્કલ્પનાની ચકાસણી માટે અભ્યાસકે વર્ગોનો સરવાળો, સ્વતંત્ર સંખ્યા, પ્રમાણવિચલન, મધ્યકની પ્રમાણભૂલ તેમજ વિચરણ પૃથક્કરણની ગણતરી નીચે સારણીમાં દર્શાવ્યા મૂજબ કરી છે.

**સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે પ્રાથમિક શિક્ષકો વલણોના સરેરાસ પ્રાપ્તાંકો પર જાતિ અને શાળાના પ્રકારની આંતરક્રિયાની સાર્થક અસર દર્શાવતી Anova સારણી-5**

**સારણી-5**

| | Sum of Squares | Df=Degree Of Freedom | Mean Of Squares | F |
|---|---|---|---|---|
| SSbet | 560.28 | 3 | 186.76 | 0.653921569 |
| SSwg | 67402.9 | 236 | 285.6 | |
| SSr | 67963.18 | 239 | | |

Significance Level- 3.96(0.05)
6.99(0.01)
0.06 not significance

ઉપરોક્ત સારણી પરથી F ની ગણતરી વડે મેળવેલ કિંમત 0.65 છે. જે 0.05 અને 0.01 કક્ષાએ સારણીય મૂલ્ય કરતા ઓછી હોવાથી અહી ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે.

- **સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે પ્રાથમિક શિક્ષકો વલણોના સરેરાસ પ્રાપ્તાંકો પર વિસ્તાર અને શાળાના પ્રકાર પર આંતરક્રિયાની સાર્થક અસર નહી હોય.**

ઉપરોક્ત ઉત્કલ્પનાની ચકાસણી માટે અભ્યાસકે વર્ગોનો સરવાળો, સ્વતંત્ર સંખ્યા, પ્રમાણવિચલન, મધ્યકની પ્રમાણભૂલ તેમજ વિચરણ પૃથક્કરણની ગણતરી નીચે સારણીમાં દર્શાવ્યા મૂજબ કરી છે.

**સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે પ્રાથમિક શિક્ષકો વલણોના સરેરાસ પ્રાપ્તાંકો પર વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાની સાર્થક અસર દર્શાવતી Anova સારણી-6**

**સારણી-6**

| | Sum of Squares | Df=Degree Of Freedom | 22Mean Of Squares | F |
|---|---|---|---|---|
| SSbet | 574.95 | 3 | 191.65 | 0.671184422 |
| SSwg | 67388.23 | 236 | 285.54 | |
| SSr 2 | 67963.18 | 239 | | |

Significance Level- 3.96(0.05)
6.99(0.01)
0.06 not significance

ઉપરોક્ત સારણી પરથી F ની ગણતરી વડે મેળવેલ કિંમત 0.67 છે. જે 0.05 અને 0.01 કક્ષાએ સારણીય મૂલ્ય કરતા ઓછી હોવાથી અહી ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે. આંતરક્રિયાની અસર સાર્થક નથી.

- **સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે પ્રાથમિક શિક્ષકો વલણોના સરેરાસ પ્રાપ્તાંકો પર વિસ્તાર, શાળાના પ્રકાર અને જાતિની પર આંતરક્રિયાની સાર્થક અસર નહી હોય.**

ઉપરોક્ત ઉત્કલ્પનાની ચકાસણી માટે અભ્યાસકે વર્ગોનો સરવાળો, સ્વતંત્ર સંખ્યા, પ્રમાણવિચલન, મધ્યકની પ્રમાણભૂલ તેમજ વિચરણ પૃથક્કરણની ગણતરી નીચે સારણીમાં દર્શાવ્યા મૂજબ કરી છે.

**સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે પ્રાથમિક શિક્ષકો વલણોના સરેરાસ પ્રાપ્તાંકો પર વિસ્તાર, શાળાના પ્રકાર અને જાતિની આંતરક્રિયાની સાર્થક અસર દર્શાવતી Anova સારણી-7**

**સારણી-7**

| | Sum of Squares | Df=Degree Of Freedom | Mean Of Squares | F |
|---|---|---|---|---|
| SSbet | 593.35 | 5 | 118.67 | 0.000209853 |
| SSwg | 200183517 | 349 | 565490.387 | |
| SSr | 200183517 | 354 | | |

Significance Level- 3.96(0.05)
6.99(0.01)
0.06 not significance

ઉપરોક્ત સારણી પરથી F ની ગણતરી વડે મેળવેલ કિંમત 0.0002 છે. જે 0.05 અને 0.01 કક્ષાએ સારણીય મૂલ્ય કરતા ઓછી હોવાથી અહી ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે.

## 12. અભ્યાસના તારણો (Findings of Study)

- સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે પ્રાથમિક શિક્ષકોના વલણોના સરેરાસ પ્રાપ્તાંકો પર સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોના સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગેના વલણો સમાન જોવા મળ્યા હતા
- સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે પ્રાથમિક શિક્ષકોના વલણોના સરેરાસ પ્રાપ્તાંકો પર તેમના વિસ્તારની સાર્થક અસર નથી.
- સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે પ્રાથમિક શિક્ષકોના વલણોના સરેરાસ પ્રાપ્તાંકો પર તેમના શાળાના પ્રકારની સાર્થક અસર નથી.
- સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે પ્રાથમિક શિક્ષકોના વલણોના સરેરાસ પ્રાપ્તાંકો પર તેમના જાતિ અને વિસ્તારની આંતરક્રિયાની અસર સાર્થક નથી.

- સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે પ્રાથમિક શિક્ષકોના વલણોના સરેરાસ પ્રાપ્તાંકો પર જાતિ અને શાળાના પ્રકાર પર આંતરક્રિયાની અસર સાર્થક નથી.
- સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે પ્રાથમિક શિક્ષકોના વલણોના સરેરાસ પ્રાપ્તાંકો પર તેમના વિસ્તાર અને શાળાના પ્રકારની આંતરક્રિયાની અસર સાર્થક નથી.
- સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન અંગે પ્રાથમિક શિક્ષકોના વલણોના સરેરાસ પ્રાપ્તાંકો પર તેમના શાળાના પ્રકાર, જાતિ અને વિસ્તારની આંતરક્રિયાની સાર્થક અસર નથી.

## 13. **ઉપસંહાર** (Summary)

અહી 'સતત સર્વગ્રાહી મૂલ્યાંકન' બે પ્રકારે થઈ શકે શૈક્ષણિક મૂલ્યાંકન + સહ-શૈક્ષણિક મૂલ્યાંકન= સતત સર્વગ્રાહી મૂલ્યાંકન. જયારે, સતત સર્વગ્રાહી મૂલ્યાંકનમાં શૈક્ષણિક ક્ષેત્રનું મૂલ્યાંકન ત્રણ પ્રકારે કરી શકાય છે, ૧. રચનાત્મક મૂલ્યાંકન ૨. સંત્રાંત મૂલ્યાંકન ૩. અવલોકનના આધારે નિર્દેશકો. **રચનાત્મક મૂલ્યાંકનની પ્રવિધિઓ**માં પ્રોજેક્ટ વર્ક, એસાઈનમેન્ટ, ક્વિઝ, મૌખિક પ્રશ્નો, ચેકલીસ્ટ, પ્રયોગ કાર્ય, જૂથ-ચર્ચા, વર્ગકાર્ય, ગૃહકાર્ય અને અવલોકન વગેરેનો સમાવેશ રચનાત્મક મૂલ્યાંકનની પ્રવિધિઓમાં કરવામાં આવે છે. તેવીજ રીતે **સંત્રાંત-મૂલ્યાંકન**માં ગોખણપટ્ટીને બદલે સમજશક્તિ, તર્કશક્તિ, સર્જનાત્મક શક્તિ વગેરે ચકાસી શકાય તે પ્રકારના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવે છે. સંત્રાંત મૂલ્યાંકનમાં ત્રણ પ્રકારના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવે છે જેમાં અતિ ટૂંક જવાબી પ્રશ્નો, ટૂંક જવાબી પ્રશ્નો, વર્ણનાત્મક પ્રશ્નો. ત્રીજો પ્રકાર છે **અવલોકનના આધારે નિર્દેશકો જેમાં** સમગ્ર શિક્ષણ કાર્ય દરમિયાન વિધાર્થીઓએ પ્રાપ્ત ક્ષમતાઓ/ કૌશલ્યોની ચકાસણી કરી શકાય તે પ્રકારના નિર્દેશકો હોવા જોઈએ.

આમ ઉપરોક્ત ચર્ચા પરથી કહી શકાય કે સતત અને સર્વાંગી મૂલ્યાંકન દ્વારા શાળા, શાળાના શિક્ષકો તથા વિદ્યાર્થીઓની સક્રિયતામાં વધારો થશે જેના કારણે શાળાઓની અસરકારકતામાં વધારો થશે સાથે સાથે બાળકોના દરેક પાસાનું મૂલ્યાંકન યોગ્ય રીતે શકાશે જેથી બાળકોની પ્રગતિ જાણી શકાશે અને જરૂર જણાય ત્યાં સુધારાત્મક પગલાં પણ લઈ શકાશે. અંતે સરકારે અમલમાં મુકેલ" સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન" યોજના ખૂબજ અસરકારક છે તેમ કહી શકાય.

## 14. **સંદર્ભસૂચિ** (References)


- ટાંક અરવિંદભાઈ.કે. (2019) શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનનો અભ્યાસ
- શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ-ગાંધીનગર
- ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ(માર્ચ 2014) શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન, શિક્ષક માર્ગદર્શિકા-ગાંધીનગર
- પટેલ આર.એસ.(2015) સંશોધનનું પદ્ધતિ શાત્ર, ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, ગુજરાત યુનિવર્સિટી-અમદાવાદ.
- વિરપરા ભુપેન્દ્રસિંહ બી.(1997) પ્રાથમિક શાળાના શિક્ષકોના "લઘુત્તમ અધ્યયન કક્ષા(M.L.L)" પ્રત્યેના વલણોનો અભ્યાસ.